[2] No. of printed pages:2

# SARDAR PATEL UNIVERSITY
## FY BA (External) Examination
**Friday, 7 March 2014**
**10.30 am - 1.30 pm**

## Gujarati Compulsory
## (પૂર્વાલાપ અને પાદરનાં તીરથ)

**કુલ ગુણ: ૧૦૦**

**સૂચના:** જમણી બાજુ દર્શાવેલ આંકડા ગુણ સૂચવે છે.

પ્ર.૧ નીચેનામાંથી **ગમે તે એક** વિશે નિબંધ લખો. (૨૦)

૧. સંયમનું મહત્ત્વ
૨. ધરતીકંપ
૩. લાગવગ એ જ લાયકાત
૪. માનવસેવા

પ્ર.૨ નીચેના ગદ્યખંડનું સારાંશ લેખન કરો. (૨૦)

યુવાન માણસોમાં ઘણું-ખરું મનમાં આવે તે કહી દેવાની ટેવ હોય છે, જેથી કરી લુચ્ચાઇમાં પાકા થયેલા માણસોનો તેઓ બિચારા ભોગ થઇ પડે છે. કોઇ લુચ્ચો માણસ તેમને કહેશે કે હું તમારો મિત્ર છું. તો ખરે જ તેને ખરો મિત્ર ગણે અને ક્ષણિક મિત્રતાના વચનથી તેમાં વગર વિચારે બેહદ વિશ્વાસ રાખે. તેથી પોતાને હંમેશાં નુકશાન થાય ; એટલું જ નહિં પણ ઘણી વખત વિનાશકારક પરિણામ નીપજે. આથી મોઢે બોલીને દર્શાવેલી મિત્રતાથી સાવધ રહેવું. તેવા મિત્ર આવે ત્યારે તેમને ઘણી સલુકાઇથી મળવું, પણ તેમના બોલવામાં કાંઇ ભરોસો રાખવો નહિ. પહેલી જ મુલાકાતમાં અથવા થોડીક ઓળખાણમાં લોકો મિત્ર થઇ જાય છે. એવું કદી ધારતા નહિં. ખરી મિત્રતા તો હળવે હળવે થાય છે અને અન્યોન્યના ગુણનું જ્ઞાન થયા વગર તે મિત્રતા વૃધ્ધિ પામીને કદી પક્વ થતી નથી.

**અથવા**

પ્ર.૨ ઉપરનો ગદ્યખંડ વાંચી નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. (૨૦)

૧. યુવાન માણસોની ટેવ કઇ છે ? તે કોનો ભોગ થઇ પડે છે ?
૨. યુવાન માણસો શામાં વધારે વિશ્વાસ રાખે છે ? તેનું પરીણામ શું આવે છે ?
૩. કઇ મિત્રતાથી સાવધ રહેવાની જરૂર છે ?
૪. સાચી મિત્રતા કેવી રીતે પાંગરે છે ? અને પક્વ બને છે ?
૫. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

પ્ર.૩ ''દાકતર, જગુ, બાવાજીને પશીડોશીને જ શ્રી દલાલ પાદરનાં તીરથ ગણાવવા માગે છે. અલ્પશિક્ષિત સામાન્ય જનતામાંથી સ્વયમેવ પ્રગટી આવતી મનુષ્યત્ત્વ અને આત્મગૌરવની મૂર્તિઓ જ પાદરનાં તીરથ'' - અનંતરાય રાવળના આ વિધાનને આધારે, 'પાદરના તીરથ' નવલકથાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. (૨૦)

**અથવા**

પ્ર.૩ નીચેના વિશે નોંધ લખો. (૨૦)

૧. 'પાદરનાં તીરથ' નવલકથામાં પાત્રો

૨. 'પાદનાં તીરથ' શીર્ષક ચર્ચા

પ્ર.૪ કવિકાન્તના 'પૂર્વાલાપ'માં પ્રકૃતિ વૈવિધ્ય દર્શાવતા કાવ્યોની સદષ્ટાંત ચર્ચા કરો. (૨૦)

**અથવા**

પ્ર.૪ નીચેના કાવ્યોનું રસદર્શન કરો. (૨૦)

૧. દેવયાની

૨. મૃગતૃષ્ણા

પ્ર.૫ અભ્યાસનિયત પાઠ્યપુસ્તક રહી ન જાય એ રીતે નીચેનામાંથી **કોઈપણ ચાર** પ્રશ્નોના ટૂંકા મુદ્દાસર જવાબ આપો. (૨૦)

૧. નંદપરા ગામમાં અંગ્રેજોનો વિરોધ કરવા માટે લોકોએ શું કર્યું ? શા માટે ?

૨. ફોજદાર જગદીશને કેદમાંથી શા માટે મુક્ત કરે છે ?

૩. કેદીઓ ફોજદારની હાજરીમાં ડૉકટર સમક્ષ શું કહે છે ?

૪. 'પાદરનાં તીરથ'માં માનવીયતા કયાં કયાં પ્રગટે છે ?

૫. ચક્વાકી ચક્વાકને શું કહે છે ? એનો એને શો ઉત્તર મળે છે ?

૬. 'અંતિમ પ્રાર્થના'માં કવિ શું કહેવા માંગે છે ?

૭. 'ઉપહાર' કાવ્યમાં કોને કયો ઉપહાર અપાયો છે ?

૮. 'રતિને પ્રાર્થના'માં કવિ શી પ્રાર્થના કરે છે ?

¤ ¤ ¤